# ઇન્દ્રોડા સર્કલ ખાતે 'ધ ગીર : પ્રાઇડ ઓફ ગુજરાત'નું અનાવરણ












ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના ઈન્દ્રોડા સર્કલ (ચ-૦) ખાતે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ દ્વારા નવનિર્મિત 'ધ ગીર : પ્રાઈડ ઓફ ગુજરાત' નું નિર્માણ કરવામાં આવ્યું છે. ગીરના જંગલની અનુભૂતિ કરાવતા આ પ્રોજેક્ટને ગૃહ મંત્રી હર્ષ સંઘવી અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના કોર્પોરેટ અફેર્સ વિભાગના ડાયરેકટર પરિમલ નથવાણીના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

ગૃહમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેકટ રાજયના પાટનગર વાસીઓને એશિયાઈ સિંહો અને ગીરના જંગલની અનુભૂતિ કરાવશે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ના કોર્પોરેટ અફેર્સ વિભાગના ડાયરેકટર પરિમલ નથવાણીએ કંપનીના સહયોગથી ગીરના જંગલ અને ગુજરાતનું ગૌરવ એવા સિંહોને વિશ્વમાં પ્રમોટ કરવાની ઉમદા કામગીરી કરી રહ્યા છે. તેમના દ્વારા વિવિધ ટુંકી ફિલ્મો, કોફી ટેબલ બુકો અને અન્ય માધ્યમથી ગીરના સિંહોને વિશ્વ કક્ષાએ ઉજાગર કરી રહ્યા છે. ગાંધીનગરના હાર્દસમા ઈન્દ્રોડા સર્કલ (ચ-૦) ખાતે ધ ગીર : પ્રાઈડ ઓફ ગુજરાત નું નિર્માણ કરીને નગરમાં એક નવું આકર્ષણનું કેન્દ્ર ઉભું કર્યું છે. પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, 'ધ ગીર : પ્રાઈડ ઓફ ગુજરાત ' એશિયાઈ સિંહોના વિશ્વના એકમાત્ર રહેઠાણ સાસણ ગીરની પ્રતિકૃતિ છે. આ પ્રોજેકટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સિબિલિટી નો એક ભાગ છે. આ પ્રોજેક્ટનું નિર્માણ નેશનલ હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સહયોગમાં સ્થાપવામાં આવ્યો છે. આ પ્રોજેકટ લગભગ ૫૫ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં વિકસાવવામાં આવ્યો છે. જેમાંથી ધ ગીર : પ્રાઈડ ઓફ ગુજરાત લગભગ ૨૫ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં વિકસાવવામાં આવ્યું છે. જેમાં સાસણ ગીરમાં જોવા મળતા વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓ જેવા કે સિંહની ૧૨ પ્રતિકૃતિ, દિપડા, ચોશિંગા, ચીત્તલ, અજગર, વરૂ, લંગુર, કિડીખાઉ, ગીધ વગેરેની પૂર્ણ કદની પ્રતિકૃતિઓ મૂકવામાં આવી છે. આ પ્રસંગે અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ શ્રી એસ.કે.ચતુર્વેદી, અગ્ર મુખ્ય વન સંરક્ષક વન્યજીવ (ઈન્ચાર્જ) શ્રી નિત્યાનંદ શ્રીવાસ્તવ સહિત આમંત્રિત મહાનુભાવો અને રિલાયન્સ કંપની પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા.

### ગુજરાતના ગરબાને મળશે વૈશ્વિક ઓળખ

## યુનેસ્કોના હેરિટેજ લિસ્ટમાં ગુજરાતી ગરબો સ્થાન લેશે

### એક વર્ષ પહેલા કલકત્તાની દૂર્ગા પૂજાને આ યાદીમાં સ્થાન મળ્યુ હતું, હવે ભારત સરકારે ગુજરાતના ગરબાને યાદીમાં સામેલ કરવા માટે નામાંકન કર્યુ છે

અમદાવાદ,તા.૩૦

ગુજરાતનું નામ લેવામાં આવે તો એક ચિત્ર ઉભું થાય અને તે છે ગરબા રમતા ગુજરાતીઓનું. ગુજરાતમાં નવરાત્રિના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. અને ગુજરાતીઓ માટે તો કહેવાય છે કે તેમને ગરબા કરવા માટે નવરાત્રિની પણ રાહ જોવાની જરૂર નથી હોતી. લગ્ન હોય, જન્મદિવસ હોય, મેચ જીત્યા હોય કે પછી કોઈ પણ તહેવાર હોય, ગુજરાતીઓની ઉજવણી ગરબા વગર અધૂરી છે. ગુજરાતના આ જ ગરબાને હવે વૈશ્વિક ઓળખ મળવા જઈ રહી છે. યુનેસ્કોની અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં ગુજરાતના ગરબાને સ્થાન મળી શકે છે. ઉલ્લેખનીય છે કે એક વર્ષ પહેલા જ કલકત્તાની દૂર્ગા પૂજાને આ યાદીમાં સ્થાન મળ્યુ હતું. હવે ભારત સરકારે ગુજરાતના ગરબાને યાદીમાં સામેલ કરવા માટે નામાંકન કર્યું છે. ઉલ્લેખનીય છે કે યુનેસ્કોની યાદીમાં ભારતના અનેક સ્મારકોને સ્થાન મળ્યું છે. અમદાવાદ શહેરને પણ વર્લ્ડ હેરિટેજ સિટી તરીકે ઓળખવામાં આવે છે. ભારત તહેવારો, મેળાઓ અને સંસ્કૃતિઓનો દેશ છે. આ સંસ્કૃતિ ભારતની આગવી ઓળખ છે. આ સંસ્કૃતિની ચર્ચા દુનિયાભરમાં થાય છે. ભારતના માત્ર સ્થાપત્યો જ નહીં, ૧૪ અમૂર્ત વારસાને પણ યુનેસ્કોની યાદીમાં સ્થાન મળ્યું છે.યુનેસ્કોના અમૂર્ત સાંસ્કિત



વારસાના સેક્રેટરી ટીમ કર્ટિસ જણાવે છે કે, આ નામાંકનને આગામી વર્ષ માટે ધ્યાનમાં લેવામાં આવશે. વર્ષ ૨૦૨૩માં ટીમ દ્વારા આ નામાંકનનું પરીક્ષણ કરવામાં આવશે અને ફાઈલ્સ જોવામાં આવશે. ૨૦૨૩ના અંત સુધીમાં કમિટી દ્વારા નિર્ણય સંભળાવવામાં આવશે. ઉલ્લેખનીય છે , ગત વર્ષે ડિસેમ્બર મહિનામાં આ યાદીમાં દૂર્ગા પૂજાનો સમાવેશ કર્યો હોવાની ઉજવણી દિલ્હીના નેશનલ મ્યુઝિયમ ખાતે કરવામાં આવી હતી અને ત્યારે જ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ હતું. તમને જણાવી દઈએ કે અત્યારે ભારતના ૧૪ અમૂર્ત વારસાનો સમાવેશ આ યાદીમાં કરવામાં આવ્યો છે. વૈદિક મંત્રોચ્ચારણની પરંપરા, રામલીલા, કુડીયટ્ટમ, રામમન, મેડિયેટ્ટુ, કાલબેલિયા નૃત્ય, છાઉ ડાન્સ, બૌદ્ધ મંત્રોચ્ચારણ, મણિપુરા સંકીર્તન, અમૃતસરના જંડિયાલા ગુરુનું તાંબાનું કામ, યોગ, નવરોઝ, કુંભ મેળો અને કલકત્તાની દુર્ગા પૂજા. આ ભારતના વિવિધ તહેવારો, મેળાઓ, નૃત્યો અને પરંપરાઓ છે, જેની સાચવણી માટે તેને વૈશ્વિક કક્ષાએ યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. હવે ગુજરાતના ગરબાને ૧૫મા ક્રમાંકે આ યાદીમાં સ્થાન મળશે કે કેમ તે આવતા વર્ષના અંત સુધીમાં જાણવા મળશે. ઉલ્લેખનીય છે કે ગુજરાતના ગરબા પછી મહારાષ્ટ્રમાં અને ખાસ કરીને મુંબઈમાં ઉજવવામાં આવતા ગણેશ ઉત્સવનો પણ સમાવેશ તેમાં કરવામાં આવી શકે છે.

## ગાંધીનગરમાં સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડના ઝોન પ્રભારી-સંયોજકોનો પ્રશિક્ષણ વર્ગ

### સ્વામી વિવેકાનંદના જીવન આદર્શો યુવાશક્તિના સમગ્ર જીવનકાળના પ્રેરણા સ્ત્રોત બની શકે તેમ છેઃ- મુખ્યમંત્રી




ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના ઝોન પ્રભારી-જિલ્લા સંયોજકો તથા મહાનગરપાલિકા સંયોજકોના પ્રશિક્ષણ વર્ગનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ આ આહવાન કર્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપ અને દ્રષ્ટિવંત નેતૃત્વમાં ડિઝીટલ ઈન્ડીયા, મેઈક ઈન ઈન્ડીયા, સ્વચ્છ ભારત જેવા અનેક નવતર આયામો દેશમાં વ્યાપક બન્યા છે. તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાને ભારતને વિકસીત, ઉન્નત અને આત્મનિર્ભર બનાવવાના ધ્યેય સાથે હરેક યોજનાઓમાં છેવાડાના, નાનામાં નાના માનવીના કલ્યાણનો ભાવ રાખ્યો છે. સરકારી યોજનાઓના લાભ લોકોને ઘરે બેઠા મળે તેની યોગ્ય માહિતી અને જાણકારી મળે તે માટે મુખ્યમંત્રીએ યુવાઓને 'ડોર સ્ટેપ ડિલીવરી ઓફ સર્વિસીસ' રાજ્ય સરકાર લોકોના દ્વારે નો અભિગમ સાકાર કરવા પણ આહવાન કર્યુ હતું.

## ચાંદખેડાના પોકસો કેસમાં બે આરોપીઓને ૧૦ વર્ષની કેદની સજા

ગાંધીનગર તા ૩૦

ચાંદખેડામાં સગીરા સાથે ઈન્સ્ટ્રાગ્રામ અને વોટસ એપના માધ્યમથી મિત્રતા કેળવી તેણીની જાતિય સતામણી કરીને શારિરીક સંબંધ રાખવાના કેસમાં ગાંધીનગર સ્પે પોક્સો કોર્ટે બે આરોપીઓને ૧૦ વર્ષની કેદની સજા તેમજ રૂ ૫ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. આ કેસની પ્રાપ્ય વિગત મુજબ ચાંદખેડામાં રહેતો આરોપી રાહુલ ચૌહાણ તેમજ અલ્પેશ પ્રજાપતિએ ઈન્સ્ટ્રાગ્રામ મારફતે વારાફરથી સગીરા સાથે મિત્રતા કેળવી હતી. જયારે આરોપી રાહુલે ગુન્હો જાહેર થયો તેના ત્રણ વર્ષ અગાઉ સગીરાને તેના ઘરે લઈ ગયો હતો. જયાં તેણે જાતિય સતામણી કરી શરીર સંબંધ બાંધ્યો હતો. જયારે આરોપી તેણીને તેના મિત્રના ઘરે લઈ જઈને જાતિય સતામણી કરી શરીર સંબંધ બાંધ્યો હતો. જયારે આરોપી આર્યન પ્રજાપતિએ પણ ભોગ બનનારને ઈન્સ્ટ્રાગ્રામ સ્નેપચેટ અને વોટસએપથી મિત્રતા કેળવીને સગીરાની જાતિય સતામણી કરી શરીર સંબંધ બાંધ્યો હતો. જયારે આ કીસ્સામાં પણ આરોપીનુ મોબાઈલ લોકેશન તેમજ ફલેટમાં રાખવામાં આવેલ રજીસ્ટારમાં એન્ટ્રી જોવા મળી હતી. આ બન્ને આરોપીઓ વિરુધ્ધ ચાંદખેડા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી આ કેસ સંદર્ભે ગાંધીનગરની સ્પે પોકસો કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યુ હતુ. આ કેસ ગાંધીનગરની સ્પે પોકસો કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ કે સગીરાની ઉંમર ૧૨ વર્ષની છે. આ બન્ને આરોપીઓએ સગીરાને વિશ્વાસમાં લઈ શરીર સંબંધ બાંધીને ગુન્હો કર્યો છે.

## ભારતમાલા પ્રોજેક્ટને લઈને ખેડૂતોએ રેલી કાઢી

### માંગ સ્વિકારાશે નહી તો ઉગ્ર આંદોલનની ચિમકી : ૧ કિલોમીટર પગપાળા રેલી નીકાળી

### મોટી સંખ્યામાં ખેડૂતો કલેક્ટર કચેરી પહોંચ્યા અને કલેક્ટરને આવેદનપત્ર સોંપ્યું

પાલનપુર, તા.૩૦

બનાસકાંઠામાંથી પસાર થઈ રહેલા ભારતમાલા પ્રોજેકટમાં ખેડૂતોને તેમની જમીન સંપાદનનું ઓછું વળતર મળવા સહિત અનેક સમસ્યાઓને લઈને આજે પાલનપુરમાં રેલી કાઢી હતી. કાંકરેજ દિયોદર તાલુકાના ૨૭ ગામોના ૧૫૦૦ જેટલા ખેડૂતોએ બેનરો અને સૂત્રોચાર સાથે રેલી નીકાળી કલેક્ટરને આવેદનપત્ર આપીને રજુઆત કરી હતી. ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમની માંગો નહિ સ્વિકારાય તો ઉગ્ર આંદોલન કરશે.

બનાસકાંઠાના સરહદી વિસ્તારના અનેક તાલુકાઓમાંથી પસાર થતો મહત્વકાંક્ષી ભારતમાલા પ્રોજેકટનો અનેક જગ્યાએ વિરોધ થઈ રહ્યો છે. ત્યારે જિલ્લાના કાંકરેજ અને દિયોદર તાલુકામાંથી પસાર થતાં ભારતમાલા પ્રોજેક્ટમાં ખેડૂતોની મહામૂલી જમીન સંપાદનનું વળતર તેમને ખુબજ ઓછું મળતાં ખેડૂતોમાં ભારે રોષ પ્રગટ થતાં ૧૫૦૦થી વધુ ખેડૂતો આજે પાલનપુરની જી.ડી મોદી કૉલેજથી હાથમાં બેનરો લઈને સુત્રોચાર કરીને પગપાળા રેલી નીકાળી હતી અને રોષ પ્રગટ કર્યો હતો.પાલનપુરના હાઈવે ઉપરની કૉલેજથી ૧ કિલોમીટર પગપાળા રેલી નીકાળી મોટી સંખ્યામાં ખેડૂતો કલેક્ટર કચેરી પહોંચ્યા હતા અને કલેક્ટરને આવેદનપત્ર સોંપ્યું હતું. ખેડૂતોએ તેમની જમીનનું યોગ્ય વળતર આપવાની તેમજ ભારતમાલા પ્રોજેક્ટમાં સર્વિસ રોડ આપવાની માંગ કરી હતી.

આ પ્રોજેકટનો વિરોધ કરતા ખેડૂતોએ કહ્યું હતું કે આ પ્રોજેક્ટને લઈને તેમની મહામૂલી જમીન બે ટુકડાઓમાં વહેંચાઈ જતી હોવાથી તેમને મોટું નુકસાન થાય છે. આ ઉપરાંત અનેક ખેડૂતો પોતાની જમીન ગુમાવી રહ્યા છે તો આ પ્રોજેક્ટના કારણે સુજલાલ સુફલામ કેનાલને નુકસાન થશે. જેથી ખેડૂતોએ તંત્રને આવેદનપત્ર આપીને તેમની વિવિધ માંગો સ્વીકારવાની રજુઆત કરી હતી અને ચીમકી ઉચ્ચારી હતી કે જો તેમની માંગો નહિ સ્વીકારાય તો આવનાર સમયમાં ખેડૂતો ઉગ્ર આંદોલન કરશે.

### બે આંદોલનો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલ, રાજ્યમંત્રી શ્રીમતી નિમીષાબેન સુથારના અધ્યક્ષે વિવિધ તબક્કે બેઠકો યોજીને તેમની માંગણીઓ સંદર્ભે વિગતવાર ચર્ચાઓ કરાઈ છે. કોરોનાકાળ સહિત કોઈપણ પરિસ્થિતિમાં આ બહેનો ખડેપગે ફિલ્ડમાં કામ કરે છે ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પણ સહાનુભૂતિ દાખવી છે. આ બહેનોની જે માંગણીઓ આવી છે તે પૈકી મોટાભાગની માંગણીઓ સ્વીકારી લેવામાં આવી છે.

આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે આશા બહેનો દ્વારા જે માંગણીઓ કરાઈ છે જેમાં મુખ્યત્વે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા રૂપિયા ૩૦૦૦ માસિક ભથ્થું અપાય છે એમાં રૂપિયા ૨૦૦૦નો વધારો કરી આપવા માટે કમિટીએ હકારાત્મક અભિગમ દાખવ્યો છે. આ ઉપરાંત બે સાડી આપવાની માંગણી તથા કામગીરી અંગે જે વહીવટી સુધારણાને લગતા પ્રશ્નોના નિવારણ માટે પણ જરૂરી કાર્યવાહી કરવા સંબંધિતોને સૂચનાઓ આપી દેવાઈ છે. એટલે સૌ આશા બહેનોએ હડતાલ પાછી ખેંચીને જનસેવામાં જોડાવવા અપીલ કરતા એસોસીએશને હડતાળ સમેટવાનો નિર્ણય કર્યો છે.

### ફોર્સ ઘટ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હોવાની સમસ્યાનુ નિવારણ પણ આવશે. આ મામલે પાટનગર યોજના વિભાગ ૩ ના કાર્યપાલક ઈજનેર દ્વારા જણાંવ્યા મુજબ ડહોળાશ થયેલા પાણીના શુદ્ધિકરણમાં વધુ સમય લાગે છે જેના લીધે પાણીનો જથ્થો મર્યાદિત રહે છે જેથી ઓછા દબાણથી પાણી આપવાની ફરજ પડે છે. આવા સંજોગોમાં ડહોળા પાણીને ઉકાળીને વપરાશમાં લેવા પણ સુચવાયુ છે.

### સ્વાઈન ફ્લુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉપરાંત વાવોલમાંથી ૭૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

શહેરમાં આજે નોંધાયેલા ત્રણેય દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. સ્વાઈન ફ્લુમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં કોરોના માટે હોટ સ્પોટ બનેલ અડાલજમાંથી ૫૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુના ૪ દર્દીઓ હાલ સારવાર હેઠળ હોસ્પિટલમાં છે.

જિલ્લામાં કોરોના સંક્રમણ વચ્ચે સ્વાઈન ફ્લુના કેસો જે નોંધાઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. ગ્રામ્ય વિસ્તારમાં અગાઉ સ્વાઈન ફ્લુથી એક દર્દીનું મોત થયુ છે જે નોંધનીય છે.

### પેચવર્ક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છેલ્લા કેટલાક સમયથી આમ પણ માર્ગ સલામતી જોખમાઈ છે. જેના લીધે પૈડા પરની જિન્દગી વધુ જોખમી બની છે. જયારે ટ્રાફિકના નિયમનના અભાવ વચ્ચે માર્ગોની દશા પણ નબળી હોવાથી વાહનચાલકો ગમે ત્યારે માર્ગ અકસ્માતનો ભોગ બને તેવી સ્થિતિ છે. શહેરમાં પાણી ગટરની લાઈનના ખોદકામના અંતે માર્ગોની દશા વધુ ખરાબ થઈ છે. જો કે વરસાદી દિવસોના અંતે જ શહેરના મુખ્ય ઘ માર્ગ તેમજ સે-૧૦ અને સે-૧૧ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે. આ કામગીરી અગાઉ મંજુર કરવામાં આવી હતી પરંતુ ગત વાઈબ્રન્ટ સમિટ દરમિયાન કામ બાકી રહી જતા વરસાદી દિવસો પુરા થાય ત્યારબાદ સરકારી પ્લાન્ટના આધારે કામ શરૂ કરાશે હાલ માર્ગો પર ખાડા ટેકરાની સ્થિતિ નિવારવા માટે પેચવર્ક કરવામાં આવી રહ્યુ છે.

### રાહત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગ્રામ્ય વિસ્તારમાં દહેગામના સામેત્રી ગામે ૮૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તો કલોલમાં ભીમાસણ ગામે ૨૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૪૫ થઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨ હજારથી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે પાંચ નવા કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં બે મહિલા દર્દીઓ છે. આજે નોંધાયેલા કેસો પણ લોકલ ટ્રાન્સમિશનથી જ નોંધાયા હોવાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે.

શહેરમાં આજે સે. ૨૧, ૨૪, કુડાસણ, બોરીજ અને રાયસણમાંથી કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રએ મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા સૂચના આપી છે.

### અદાણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

એમેઝોનના સીઈઓ જેફ બેઝોસ જ ગૌતમ અદાણી કરતા વધારે ધનિક છે. કોલસાથી લઈને પોર્ટ સુધી અને ડેટા સેન્ટરથી લઈને સિમેન્ટ, મીડિયા અને એલ્યુમિનિયમ સેક્ટર સુધી ગૌતમ અદાણીનું સામ્રાજ્ય ફેલાયેલું છે. ત્રણ-ચાર વર્ષ અગાઉ ભારતની બહાર બહુ ઓછા લોકોએ અદાણી વિશે સાંભળ્યું હતું. પરંતુ હવે આ ઉદ્યોગપતિને આખી દુનિયા ઓળખે છે. કોલેજનું શિક્ષણ પણ અધવચ્ચેથી છોડી દેનારા ગૌતમ અદાણીએ ડાયમંડ ટ્રેડર તરીકે બિઝનેસમાં નસીબ અજમાવ્યું હતું. શરૂઆતમાં તેમને સફળતા ન મળી, પરંતુ હવે તેઓ સફળતાના પર્યાય બની ચુક્યા છે. બ્લૂમબર્ગના બિલિયનર્સ ઈન્ડેક્સમાં ટોપ -૩માં ક્યારેય કોઈ એશિયનને સ્થાન મળ્યું નથી. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણી અને ચીનના જેકમા પણ ક્યારેય ટોપ-૩માં પ્રવેશી શક્યા નથી, ત્યારે અદાણીએ આ સ્થાન મેળવ્યું છે અને નંબર વન બનવાથી માત્ર બે કદમ દૂર છે. ભારતમાં અત્યારે મોટા ભાગના બિઝનેસમાં ગૌતમ અદાણી હાજર છે. પછી તે પોર્ટ હોય, એરપોર્ટ હોય, સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન નેટવર્ક હોય કે પછી કોલસો, સિમેન્ટ, મીડિયા, મેટલ, રિટેલ, રિયલ્ટી સેક્ટર હોય. અદાણી જૂથ હવે ટેલિકોમમાં પણ પ્રવેશી રહ્યું છે.

### લખ્યો પત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાસે લખાવી હતી. આ સ્વરાજ નામના પુસ્તકમાં તમે ગ્રામસભા, દારૂ નીતિ અંગે મોટી મોટી વાત લખી હતી. પુસ્તકમાં તમે જે લખ્યું છે તે તમને યાદ અપાવવા માટે નીચે આપી રહ્યો છું...

હાલના સમયમાં દારૂની દુકાનો માટે રાજનેતાઓની ભલામણ પર અધિકારીઓ દ્વારા લાઈસન્સ અપાય છે. તેઓ લાંચ લઈને લાઈસન્સ આપે છે. દારૂની દુકાનોના કારણે ભારે સમસ્યાઓ પેદા થાય છે. લોકોનું કૌટુંબિક જીવન બરબાદ થાય છે. વિડંબણા એ છે કે જે લોકો તેનાથી સીધી રીતે પ્રભાવિત થાય છે, તેમને એ વાત માટે કોઈ પૂછતું નથી કે શું દારૂની દુકાન ખુલવી જોઈએ કે નહીં? આ દુકાનોને તેમના પર થોપી દેવાય છે.

દારૂની દુકાન ખોલવા માટે કોઈ પણ લાઈસન્સ ત્યારે આપવું જોઈએ જ્યારે ગ્રામ સભા તેની મંજૂરી આપે અને ગ્રામ સભાની સંબંધિત બેઠકમાં. ત્યાં ઉપસ્થિત ૯૦ ટકા મહિલાઓ તેના પક્ષમાં મતદાન કરે. ગ્રામ સભામાં ઉપસ્થિત મહિલાઓ સાધારણ બહુમતીથી હાલની દારૂની દુકાનોનું લાઈસન્સ રદ કરાવી શકે. (સ્વરાજ- અરવિંદ કેજરીવાલના પુસ્તકમાંથી)

તમારા સ્વરાજ નામના આ પુસ્તકમાં કેટલી આદર્શ વાતો લખી હતી. ત્યારે તમારી પાસેથી ખુબ આશાઓ હતી. પરંતુ રાજકારણમાં જઈને મુખ્યમંત્રી બન્યા બાદ તમે આદર્શ વિચારધારા ભૂલી ગયા એવું લાગે છે. આથી દિલ્હી રાજ્યમાં તમારી સરકારે નવી દારૂ નીતિ બનાવી. એવું લાગે છે કે તેનાથી દારૂના વેચાણ અને દારૂ પીવાને પ્રોત્સાહન મળે છે. ગલી ગલીમાં દારૂની દુકાનો ખોલાવી શકાય છે. તેનાથી ભ્રષ્ટાચારને પ્રોત્સાહન મળી શકે છે. આ વાત જનતાના હિતમાં નથી. આમ છતાં તમે એવી દારૂ નીતિ લાવવાનો નિર્ણય કર્યો છે. એવું લાગે છે કે જે પ્રકારે દારૂનો નશો હોય છે, તે પ્રકારે સત્તાનો પણ નશો હોય છે. તમે પણ એવી સત્તાના નશામાં ડૂબી ગયા હોવ એવું લાગે છે.